ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



## સંક્ષિપ્ત સમાચાર

### ઉંભેળ પાસેથી રૂ.5.89 લાખનો દારૂ ઝડપાયો



કામરેજ: કામરેજના ઉંભેળથી ખંડુપુર જતાં રોડ પર આવેલી શિવ હોલિડે વિલાના રોડ પર ખુલ્લી જગ્યામાં અતુલ દિલીપ પરમાર (રહે., મંદિર ફળિયું, કઠોદરા)એ વિદેશી દારૂનો જથ્થો મંગાવી સગેવગે કરવાનો હોવાની માહિતીના આધારે કામરેજ પોલીસે રેડ કરતાં દારૂની બોટલ નંગ 2904 કિંમત રૂ.5,89,392 નો જથ્થો મળી આવતા અતુલને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### કડોદરામાં યુવાને ગળે ફાંસો ખાધો

પલસાણા: કાન્હાભાઈ રંજનભાઈ ડકુઆ (ઉં.વ.૨૩) મૂળ ઓડિસા અને હાલ કડોદરા GIDC વિસ્તારમાં સ્થિત રૂમ નં.15 મગનજી પાર્ક ખાતે રહેતો. શનિવારે તેને રૂમમાં પંખાના હુંકમાં ગમછો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસે BNS કલમ ૧૯૪ મુજબ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### વાગરામાં ગેરકાયદે 25 ટન રેતી ભરેલું ડમ્પર ઝડપાયું, રૂ.2.31 લાખનો દંડ

ભરૂચ: વાગરા તાલુકામાં ભૂસ્તર વિભાગે વાગરાના ઇન્ડિયન પેટ્રોલ પંપ પાસેથી 25.53 ટન રેતી ભરેલું એક હાઈવા ડમ્પર ઝડપી પાડ્યું છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ડમ્પરમાં રહેલી રેતી માટે કોઈ રોયલ્ટી કે કાયદેસર મંજૂરી લેવામાં આવી નથી. વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરીને ડમ્પરને જપ્ત કરી વાગરા પોલીસમથકે સોંપ્યું છે. ડમ્પરના માલિકને 2.31 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

### બહુચરાજીના પોક્સોના ગુનામાં એક વર્ષથી વોન્ટેડ આરોપી દહેજથી ઝડપાયો



ભરૂચ: મહેસાણા જિલ્લા બહુચરાજી પોલીસનાં પોક્સો એક્ટનાં એક વર્ષથી વોન્ટેડ ગુનેગારને દહેજમાંથી ભરૂચ SOG પોલીસે ઝડપી પાડ્યો છે. વોન્ટેડ આરોપી સની યાદવ (રહે., સરાય ભડી, આઝમગઢ ઉત્તરપ્રદેશ)ને ઝડપી પાડી બહુચરાજી પોલીસને જાણ કરવામાં આવી હતી.

### ઓલપાડ ખાતે DYSPની હાજરીમાં શાંતિ સમિતિની બેઠક મળી



દત્તરાજસિંહ ઠાકોર

ઓલપાડ: જિલ્લામાં ગણેશ મહોત્સવની ધૂમ છે તો બીજી તરફ મુસ્લિમ સમાજનો ઈદે મિલાદનો તહેવાર પણ નજીકમાં હોય બન્ને કોમના તહેવારો શાંતિ પૂર્ણ માહોલમાં ઉજવાય અને કોમી એખલાસ જળવાઈ રહે એ હેતુ ઓલપાડના ખુટાઈ માતાના મંદિર ખાતે સુરત જિલ્લા ડી.વાય.એસ.પી આર.આર. સરવૈયાની હાજરીમા શાંતિ સમિતિની બેઠક મળી હતી. ઓલપાડ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ, તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કુલદીપસિંહ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

### કામરેજમાં સુરત અને તાપી જિલ્લાના નિવૃત્ત પોલીસ કર્મીઓનું સ્નેહમિલન યોજાયું



વિશાલ પટેલ

કામરેજ: કામરેજના નવાગામ ચાર રસ્તા નજીક આવેલા દાદા ભગવાન મંદિરના પટાંગણમાં સુરત અને તાપી જિલ્લામાં ફરજ બજાવી નિવૃત્ત થયેલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના સ્નેહ મિલનનો કાર્યક્રમ પ્રથમવાર કરવામાં આવ્યો હતો. જેમાં સુરત રેંજ આઈ.જી પ્રેમવીરસીંગ તેમજ જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ઓડીસાની ગુમ થયેલી યુવતીને ગણતરીના કલાકોમાં ઓલપાડ પોલીસે શોધી કાઢી

ઓલપાડ: ઓડીશા રાજયના બોધ ખાતે તા.૨૧/૦૮/૨૦૨૫ ના રોજ 18 વર્ષીય યુવતી ગુમ થવા બાબતે જાણવા જોગ ફરિયાદ નોંધાઇ હતી. ગુમ થયેલી યુવતી ઓલપાડ વિસ્તારમાં હોવાની માહિતી મળતાં પોલીસ ઇન્સ્પેક્ટર સી.આર.જાદવ તેમજ પોલીસ ટીમે યુવતિની શોધખોળ કરી હતી. વિસ્તારના અનેક સી.સી.ટીવી કેમેરા ચેક કરી તેમજ ટેકનીકલ એનાલીસીસ તેમજ હ્યુમન સોર્સીસ અન્વયે શોધખોળ કરી યુવતિને ગણતરીના કલાકોમાં શોધી કાઢી હતી. યુવતીનો કબજો તેના પિતાને સોંપ્યો હતો.

### વ્યારામાં રાષ્ટ્રીય ખેલ દિવસે 'સનડે ઓન સાઈકલ' સ્પર્ધા યોજાઈ



વ્યારા: 29 ઓગસ્ટ રાષ્ટ્રીય ખેલ દિવસે વ્યારા જિલ્લા સેવાસદનના પટાંગણથી 'સન ડે ઓન સાઈકલ' સ્પર્ધામાં પ્રેરક ઉપસ્થિતિ નોંધાવીને સાંસદ પ્રભુ વસાવાએ ૨૦ અને ૫૦ કિ.મી.ની સાઈકલ સ્પર્ધાના સ્પર્ધકોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. સ્પર્ધામાં તાપી જિલ્લાના અંદાજે ૫૦૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડવા સાંસદ પ્રભુ વસાવા, જિલ્લા કલેક્ટર ડો. વીપીન ગર્ગ સહિતના અધિકારીઓ પણ જોડાયા હતા. સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાઓને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### 'આઈ લવ આમોદ' સેલ્ફી પોઈન્ટ પર પાણીની ખુલ્લી ચેમ્બરમાં ડુક્કર પડ્યું



ભરૂચ: આમોદ નગરપાલિકાએ 'આઈ લવ આમોદ' સેલ્ફી પોઈન્ટ પર એક ડુક્કર ખુલ્લી પાણીની ચેમ્બરમાં પડી ગયું હતું. જો કે આ નગરપાલિકાએ 'આઈ લવ આમોદ' સેલ્ફી પોઈન્ટ ભલે બનાવ્યો હોય તો પણ તેની આસપાસ ગંદકીના ઢગલા, ઉભરાતી ગટરો અને દુર્ગંધનું સામ્રાજ્ય છવાયેલું છે. આમોદ પાલિકા કેટલાક સુશોભિત પોઈન્ટ તકેદારીના અભાવે પ્રશ્નાર્થ કરે છે. આમોદના મુખ્ય બજારમાં અતુલ બેકરી પાસે એક નાગરિક ખુલ્લી ગટરની ચેમ્બરમાં પડી જવાની ઘટના બની હતી અને તેનો વિડીયો પણ વાયરલ થયો હતો.

# શું વાત કરો છો! આ ગામમાં 20 વર્ષથી રસ્તો બન્યો જ નથી

**માંગરોળના** હરસણી, ભીલવાડા, મોરઆમલી સહિત ચાર ગામના લોકોની રસ્તા રોકો આંદોલનની ચીમકી



વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળ તાલુકાના હરસણી, ભીલવાડા, મોરઆમલી સહિત ચાર ગામના લોકો ખરાબ રસ્તાને લઈને પરેશાન થઈ રહ્યા છે. છેલ્લા 20 વર્ષથી લોકો ખરાબ રસ્તાથી ત્રાસ ભોગવી રહ્યા છે. છતાં સરકારના માર્ગ, મકાન વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સ્થાનિક લોકોએ જણાવ્યું કે રસ્તાની નબળી હાલતને કારણે વાહનવ્યવહાર ખોરવાઈ રહ્યો છે. તેમજ વરસાદી મોસમમાં કાદવમય પરિસ્થિતિ સર્જાતા લોકોની દૈનિક અવરજવર મુશ્કેલ બની જાય છે. સત્તાવાળાઓ તરફથી ઉકેલ નહીં આવતા લોકો હવે રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી રહ્યા છે. આ માર્ગનો ઉપયોગ કરતી જીઆઈપીસીએલ કંપની દ્વારા પણ કોઈ મેન્ટેન્સ ન થવાને કારણે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. લોકો માંગ કરી રહ્યા છેકે તાત્કાલિક માર્ગનું સમારકામ કરવામાં આવે.

### સાગબારા નેશનલ હાઈવના 1 કિમીના રસ્તાના હાલ બેહાલ



સાગબારા: સાગબારા તાલુકામાં પડી રહેલા ભારે વરસાદને પગલે અહીંથી પસાર થતાં નેશનલ હાઈવે લગભગ એકાદ 1 કિમીનો રોડ બિસ્માર બની ગયો છે. ખાડાગ્રસ્ત રોડને કારણે વાહનચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ડેડીયાપાડાથી સાગબારા મહારાષ્ટ્રની હદને જોડતો રોડનું કામ થોડા સમય પહેલાં થયું હતું. છતાં હાલમાં ખાડાવાળો રોડ બનતા લોકો હેરાન પરેશાન થઇ ગયા છે. સાગબારા નેશનલ હાઈવે પર સાગબારાથી એક કિમી દૂર ખાડાઓનું સામ્રાજ્ય છવાયું છે. ગયા ચોમાસા દરમિયાન પણ આજ પરિસ્થિતિ હતી ત્યારે ખાડાઓ પુરાયા હતા. હવે ફરી આ ચોમાસા દરમિયાન પણ તેની તેજ પરિસ્થિતિ જોવા મળે છે.



સુરેશ ગાંધી

# અંકલેશ્વર શહેરની પટેલ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં મૃતક દર્દીના પરિજનોનો હોબાળો

**તબીબી** બેદરકારીને કારણે આધેડનું મોત નીપજ્યાના આક્ષેપ, પોલીસે દોડવું પડ્યું

**વેન્ટિલેટર** પર મૂક્યા તેની જાણ પરિજનોને કરાઈ ન હતી, તબીબોએ આરોપોને નકાર્યા

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરમાં પટેલ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનો વિવાદ સામે આવ્યો છે. હોસ્પિટલમાં તબીબોની બેદરકારીના કારણે દર્દીનું મોત નીપજ્યું હોવાના આક્ષેપ મૃતકના પરિવારજનો દ્વારા કરાયા છે.

અંકલેશ્વરના ભડકોદ્રા ગામની શ્યામ વિલા સોસાયટીમાં રહેતા 53 વર્ષીય ઉદ્ધવ મહાપાત્રેને શ્વાસ લેવામાં તકલીફ જણાતા તેમને ગતરોજ અંકલેશ્વર શહેરની પટેલ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે મોડી રાત્રે તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે દર્દીના પુત્ર શુભમ મહાપાત્રેના જણાવ્યા અનુસાર જ્યારે તેમના પિતાને હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા ત્યારે તેમની તબિયત સારી હતી, પરંતુ તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા, તે સહિતની જાણ પરિવારજનોને તબીબો દ્વારા કરવામાં આવી ન હતી અને મોડી રાત્રે તેમનું મોત નીપજ્યું હોવાની જાણ કરવામાં આવી છે. ત્યારે તબીબોની બેદરકારીના કારણે તેમનું મોત નીપજ્યું છે.

આવા આક્ષેપ અંગે હોસ્પિટલના તબિયત ડોક્ટર લોકેશ ચાવલાએ જણાવ્યું હતું કે દર્દીને એડમિટ કર્યા ત્યારે જ તેમની કન્ડિશન ક્રિટિકલ હતી. દર્દીના બંને ફેફસા ખરાબ હતા અને બાદમાં હૃદયે પણ કામ કરવાનું બંધ કરી દીધું હતું, જેના પગલે તેમનું મોત નીપજ્યું છે.

પરિવારજનો દ્વારા અંકલેશ્વર શહેર પોલીસને જાણ કરી અરજી આપવામાં આવી હતી, જેના પગલે પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. હાલ પોલીસે મૃતકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવાની કવાયત શરૂ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

### કુકરમુંડામાં યુવક સાથે ઓનલાઈન બિટકોઈન રોકાણના બહાને રૂ.71 હજારની ઠગાઈ

કુકરમુંડા: કુકરમુંડા તાલુકાના વેશગામ ગામના રહીશ બ્રહ્માનંદ અર્જુનભાઈ વળવી (ઉં.વ.25) સાથે ઓનલાઈન છેતરપિંડી થયાની છે. પ્રાપ્ત વિગતો મુજબ તા. 23/08/2025ના રોજ બ્રહ્માનંદ અર્જુનભાઈ વળવીના મોબાઈલ નંબર પર અજાણ્યા મોબાઈલ નંબર +91 74130 45220 પરથી ટેલીગ્રામ ચેનલ મારફતે સંપર્ક કરવામાં આવ્યો હતો. આરોપીઓએ ફરિયાદીને બિટકોઈનમાં રોકાણ કરવાથી વધારે વળતર મળશે તેવી લાલચ આપીને વિશ્વાસમાં લીધો હતો. પછી આરોપીઓએ ફરિયાદીને વિવિધ UPI IDs મારફતે ગૂગલ પે એપથી રૂપિયા મોકલાવવા કહ્યું હતું. જેમાં વિવિધ UPI આઈડીઝ પર કુલ રૂપિયા 71,530 ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં કુકરમુંડા પોલીસે 30 મીએ અજાણ્યા આરોપી વિરુદ્ધ વિવિધ કલમો અને આઈટી કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત જિલ્લામાં ભક્તિભાવ સાથે ગણેશની પ્રતિમાઓનું વિસર્જન



મેહુલ પટેલ

અનાવલ: મહુવાના અનાવલ તેમજ ઉમરા પંથકમાં ગણેશજીની પ્રતિમાઓનું ભક્તિભર્યા માહોલમાં વિસર્જન થયું હતું.

'ગણપતિ બાપ્પા મોરયા' ના નાદ સાથે અનાવલ પંથકમાં સ્થાપના કરાયેલા ગણેશજીને વિદાય આપવાનો સમય આવી ગયો હોય ત્યારે ગણેશ મંડળો અને પરિવારો દ્વારા સંગીતના ધૂને નાચતા ગાતા ગુલાલની છોળો ઉડાડીને ગણપતિની પ્રતિમાની વિસર્જનયાત્રા કાઢી હતી. ગણેશભક્તો પાંચ દિવસ ગણેશજીની ભક્તિભાવથી પૂજા અર્ચના કર્યા બાદ આજે વિસર્જનટાણે ભાવુક બન્યા હતા. ઉમરા, હળદવા ગામની ગણેશજીની પ્રતિમાનું રંગેચંગે લોકમાતા અંબિકામાં વિસર્જન કરવામાં આવ્યું હતું. ગણેશ વિસર્જન કાર્યક્રમમાં કોઈ અનિચ્છનીય ઘટના નહીં બને તે માટે મહુવા પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

### LICના પૈસા આપવાનું કહી નિઝરની મહિલા સાથે રૂ.41 હજારની ઓનલાઈન છેતરપિંડી

કુકરમુંડા: નિઝર તાલુકાના શીતલબેન પ્રવીણભાઈ પટેલ (ઉં.વ.46, રહે., પટેલ ફળિયું, સરવાળા, નિઝર, જિ. તાપી ) સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ છે. પોલીસ સૂત્રો મુજબ, અજાણ્યા ત્રણ મોબાઈલ નંબર 7544068328, 9244859958, 6268957328 પરથી અજાણ્યાઓએ શીતલબેનને તેમના પતિ પ્રવીણભાઈ રોહિદાસભાઈ પટેલના એલઆઈસી ખાતામાં રૂપિયા 13,000 મળવાના હોવાનું જણાવી મેસેજ મોકલાયો હતો.

પરંતુ ત્યારબાદ અજાણ્યા આરોપીઓએ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરાવ્યા હતા જેમાં પ્રથમ વખત 10,000, બીજી વખત 30,000 અને ત્રીજી વખત 27,000 રૂપિયાની માંગણી કરીને કુલ 41,000 રૂપિયા ફરિયાદીના ખાતામાંથી ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. છેતરપિંડી અંગે નિઝર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કીમ માંડવી સ્ટેટ હાઈવ પર અલગ અલગ ત્રણ અકસ્માતની ઘટના, વૃદ્ધનું મોત

**કીમ** રેલવે ઓવરબ્રિજ પાસે ટ્રેલરચાલકની અડફેટે લેતાં વૃદ્ધનું મોત, પાણી ભરેલા ખાડામાં પડતાં કન્ટેનર પલટી મારી ગયું

કીમ: શનિવારનો દિવસ કીમ માંડવી રોડ માટે ભારે રહ્યો હતો. કીમ માંડવી રોડ પર ત્રણ જેટલા અકસ્માત સર્જાયા હતા, અકસ્માતમાં એક વૃદ્ધનું મોત થયું હતું નવાપુરા પાસે એક મહિલા સાથે અકસ્માત સર્જાયો હતો તો મોડી રાત્રે એક કન્ટેનર પલટી મારી ગયું હતું

સાંજના સમયે એક વૃદ્ધ બાઈક લઈને કીમ ચાર રસ્તાથી કીમ ગામ જઈ રહ્યા હતા, દરમ્યાન કીમ રેલવે ઓવરબ્રિજ ચઢતા પહેલાં એક ટ્રેલરચાલકે વૃદ્ધને અડફેટે લીધો હતો, ટ્રેલરચાલક ટ્રેલર ઘટના સ્થળે મુકી ઘટના સ્થળેથી ફરાર થઇ ગયો હતો. કીમ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વૃદ્ધને સાધના હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઇ ગઈ હતી, પરંતુ સારવાર મળે તે પહેલાં વૃદ્ધનું મોત નીપજ્યું હતું. મૃતક કીમ ખાતે આવેલી સાઈ દર્શન સોસાયટીમાં રહેતા શંકરલાલ ચુનીલાલ (ઉં.વ.૭૮) હોવાનું સામે આવ્યું હતું, હાલ પોલીસે ટ્રેલર નંબરના આધારે ચાલકની શોધખોળ હાથ ધરી છે.

જ્યારે બીજી ઘટનામાં એક કન્ટેનરચાલક મોડી રાત્રે કુડસદ જીઆઈડીસીમાં આવેલી દેવિકા ફાઈબર નામની મિલમાંથી માલ ભરી હજીરા પોર્ટ જવા નીકળ્યો હતો. અંકુર શોપિંગ સેન્ટર પાસેથી મુખ્ય રોડ પર આવતા સમયે રસ્તા પર પાણી ભરેલું હોઈ વ્હીલ ગટરના ખાડામાં પડતા કન્ટેનર પલટી મારી ગયું હતું. વહેલી સવારે કીમ પોલીસ તેમજ કંપનીના માણસો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ત્રણ જેટલા ક્રેન મંગાવી ભારે જેહમત બાદ કન્ટેનરને ગટરમાંથી બહાર કાઢવામાં આવ્યું હતું. સદનસીબે આ અકસ્માતમાં ચાલકનો બચાવ થયો હતો

# ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરાયું

**પ્રધાનમંત્રી** મોદીના માતા અંગેના નિવેદનોને લઈ રોષ



ભરૂચ: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા વિશે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કરેલી કથિત અપમાનજનક નિવેદનના વિરોધમાં ભરૂચ જિલ્લા ભાજપે આજે ઉગ્ર પ્રદર્શન કર્યું હતું. ભરૂચ શહેરના પાંચબત્તી વિસ્તારમાં ભાજપના કાર્યકરોએ એકઠા થઈને રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન ભાજપના કાર્યકરોએ "રાહુલ ગાંધી માફી માંગે" અને "રાહુલ ગાંધી હાય હાય" જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા. કાર્યકર્તાઓએ માંગણી કરી હતી કે રાહુલ ગાંધીએ તાત્કાલિક ધોરણે પોતાના નિવેદન બદલ માફી માંગવી જોઈએ.આ પ્રદર્શનમાં ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, ધર્મેશ મિસ્ત્રી, દિવ્યેશ પટેલ, શહેર ભાજપ પ્રમુખ જતીન શાહ સહિતના અનેક અગ્રણીઓ અને કાર્યકરો જોડાયા હતા. આ ઘટનાએ રાજકીય ગરમાવો લાવી દીધો છે, અને ભરૂચમાં ભાજપ દ્વારા કરવામાં આવેલો આ વિરોધ સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### આમોદ-કરજણ માર્ગ પર અકસ્માતને પગલે 2 કિ.મી. ટ્રાફિક જામ સર્જાયો



ભરૂચ: આમોદ-કરજણ હાઈવે પર મધ્યમાં એક વાહન પલટી ખાઈ ગયું હતું. જેના કારણે રસ્તો બ્લોક થઈ ગયો હતો. બે કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે તાત્કાલિક ટ્રાફિકને નિયંત્રિત કરવા અને માર્ગ ખુલ્લો કરાવવાની કામગીરી હાથ ધરી હતી.

# નનસાડમાં પરિવાર શ્રીમંતના પ્રસંગમાં ગયો ને તસ્કરો ઘર સાફ કરી ગયા

**બંધ** ઘરમાંથી સોનાના દાગી અને રોકડ મળી રૂ.67,000ની ચોરી

કામરેજ: નનસાડ પાસે આવેલી શીવવાટ પરિવાર નાનાભાઈની પત્નિના શ્રીમંતની વિધિમાં ગયોને તસ્કરો બંધ ઘરનો નકુચો તોડી લાકડાના કબાટમાં મુકેલા સોના ઘરેણા,રોકડ મળી કુલ્લે રૂ.67000ની ચોરી કરી નાસી છુટયા હતા.

મૂળ અમરેલીના માવજીંજવા ગામના વતની અને હાલ કામરેજના નનસાડ ગામે આવેલી શીવવાટિકા સોસાયટીમાં મકાન નં.303 માં રાજેશ બાબુ રફાળીયા રહે છે. રત્નકલાકાર તરીકે કામ કરે છે. પાડોશમાં મકાન નંબર 302 માં રજનીદાસ હર્ષદદાસ અગ્રાવત બે દિવસ અગાઉ નાનાભાઈના પત્નીનુ શ્રીમંત હોવાથી લુવારા ગામે ઘર બંધ કરીને ગયા હતા. શનિવારના રોજ સવારે રાજેશની પત્ની ઈલાબેનએ પાડોશીના ઘરનો દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં અને દરવાજો ખુલ્લો જોતા સોસાયટીમાં રહેતી અન્ય મહિલાઓને પણ બોલાવી પાડોશીને ફોન કરીને જાણ કરી હતી. ઘરમાં જઈને જોતા કબાટનો સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો. કબાટના ખાના ખુલ્લા હતા. લાકડાના કબાટમાં સોનાનું પેન્ડલ, કાનની બુટ્ટી, કાનસેર કિંમત રૂ.52,000 તેમજ રોકડા રૂ.15,000 મળી કુલ રૂ.67,000ની ચોરી થતાં કામરેજ પોલીસમથકમાં અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### સુરત જિલ્લામાં ફરજ બજાવતા 92 તલાટીઓની બદલી

કામરેજ: સુરત જિલ્લામાં ફરજ બજાવતા 92 તલાટીઓની સાગમટે બદલી થતાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

સુરત જિલ્લાના ઓલપાડ, પલસાણા, બારડોલી, કામરેજ, માંગરોળ, માંડવી, ઉમરપાડા, મહુવા, ચોર્યાસી તાલુકામાં અલગ અલગ ગામોમાં ફરજ બજાવતાં 92 તલાટી કમ મંત્રીઓની ગંજીપો નાયબ જિલ્લા વિકાસ અધિકારી જી.એ.પટેલ ચીપ્યો હતો. જિલ્લામાં ખાસ કરીને કામરેજના 16, માંગરોળના 14, ઓલપાડના 13, મહુવાના 11, માંડવીના 11, ચોર્યાસીના 9, બારડોલીના 7, ઉમરપાડાના 6, પલસાણાના 5 તલાટીઓની બદલીનો સમાવેશ થાય છે.

### સદગવણ ગામની શાળામાંથી સબમર્સિબલ મોટરની ચોરી

કુકરમુંડા: શુક્રવારે સાંજ પછીના સમયે કુકરમુંડા તાલુકાના સદગવણ ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળાના કેમ્પસમાંથી લોખંડની પેટીમાં રાખેલી ૫ હોર્સ પાવરની સબમર્સિબલ મોટર, કિંમત આશરે રૂ.૨૦,૦૦૦ની ચોરી કરી અજાણ્યો ચોર નાસી ગયો હતો. આ અંગે બાલદા ગામે શિક્ષક ક્વાર્ટરમાં રહેતા વિનોદભાઈ ઘુઘાભાઈ ઠંઠે કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ભરૂચના મનુબર ગામે ટેમ્પો પાર્ક કરવાના ઝઘડામાં બે સામે એટ્રોસિટીનો ગુનો નોંધાયો

ભરૂચ: ભરૂચના મનુબર ગામ ખાતે રહેતા 44 વર્ષીય શાંતિલાલ વસાવા મરઘા ફાર્મ ઉપર ટેમ્પો ચલાવે છે. ગત તા. 26 ઓગષ્ટના રોજ સાંજે તેઓ તેમના ગામના ફરહાન દિવાનની દુકાને ગાડીમાંથી મરઘા ખાલી કરતા હતા. તે વખતે બાજુમાં ચ્હાની લારી પાસે રહીશ ખંજરા (રહે., મનુબર)એ કહ્યું હતું કે, તારે અહીંયા ગાડી મૂકવી નહીં. જેથી તેઓએ જણાવ્યું હતું કે, મારા શેઠ ઈદ્રિશભાઈ સાથે વાત કરી લો, તેઓ કહેશે તે પ્રમાણે ગાડી પાર્ક કરીશ. ત્યારબાદ તા.28મી ઓગષ્ટના રોજ ચ્હાની લારી પાસે રહીશ ખંજરા તથા ઈમરાન ઉર્ફે બારવટીયા ઊભા હોય તે પૈકી રહીશે તારે મરઘા ભરેલો ટેમ્પો અહીંયા મૂકવાનો નહીં તેમ જણાવી તેઓને મૂઢમાર માર્યો હતો. ઈમરાને પણ તેઓને જાતિ વિષયક, અપશબ્દો કહી માર માર્યો હતો. જે બાબતે ભરૂચ રૂરલ પોલીસમાં ફરિયાદ કરતાં બંને ઈસમ સામે એટ્રોસિટીનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી
Param Sundari
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Vash Level 2-Gujarati
11:00am, 03:00pm, 09:30pm
Bachu Ni Benpani-Gujarati
12:00pm, 06:00pm, 09:00pm
War 2 - 05:30pm
Coolie - 02:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333